**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૯ ડીગ્રી
લઘુતમ : ૧૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭ ટકા ● સાંજે ૨૭ ટકા

# વિશ્વ માતૃભાષા દિવસ : જેટલા ગર્વથી અંગ્રેજી બોલો તેટલા જ ગર્વથી ગુજરાતી બોલો

## ગુજરાતી ભાષાની પણ એક અલગ મજા છે,'છેવટે વિચારો કે સપનાઓ પણ માતૃભાષામાં જ આવે છે'

ગાંધીનગર,તા.૨૦

૨૧મી ફેબ્રુઆરી એટલે માતૃ ભાષા દિવસ,ગુજરાતની માતૃભાષા ગુજરાતી આજે ખુબ જ જાણીતી ભાષા બની છે,ગુજરાતીમાં કેમ છો કહેવાની મજા છે,અનેક મોટી કંપનીઓ કે ક્ષેત્રમાં કાર્ય કરતા ગુજરાતી લોકો જ્યારે ગુજરાતી-ગુજરાતી હોવા છત્તા પણ અંગ્રેજીમાં બોલે છે ત્યારે તેમના બાળકો પણ માતૃભાષાથી વંચિત રહી જતા હોય છે.આપણી માતૃભાષા ખુબ જ સરસ અને સુંદર છે,અને તેનું જતન કરવું આપણા દરેકની જવાબદારી છે,છેવટે આપણા વિચારો હોય કે આપણે જોયેલા સપનાઓ હોય, જે ક્યારેય અંગ્રેજીમાં નથી આવતા હોતા તે તો આપણી માતૃભાષામાં જ આવતા હોય છે,ગમે તેટલું અંગ્રેજી શિખી લઈએ પરંતુ જ્યારે કુતરુ પાછળ પડે ત્યારે પહેલો શબ્દ આપણા મોઢામાંથી




રાજયના પાટનગરમાં લગાડેલાં સાઈન બોર્ડમાં વારંવાર લખાણની ભૂલો સામે આવી રહી છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં લગાડેલા સાઈન બોર્ડસમાં ગુજરાતી ભાષાની જોડણીની અઢળક ભૂલો અવારનવાર જોવા મળી રહી છે. ગુજરાતી ભાષામાં તમામ બોર્ડ લખવાનો સરકારનો નિર્ણય આવકારદાયક છે. પરંતુ આ નિર્ણયનું સાચી જોડણી સાથે અમલીકરણ થાય તે પણ એટલું જ જરૂરી છે.

હોય છે,માતૃભાષામાં બોલાયેલા શબ્દોમાં લાગણી હોય છે એહસાસ હોય છે,હાવ આર યુ? અને કેમ છો? આ બન્ને શબ્દોનો અર્થ તો એક જ થાય છે પરંતુ બોલવામાં ખુબ જ અલગ તરી આવે છે.અંગ્રેજી શીખવામાંને શીખવામાં લોકો ગુજરાતીથી દુર થતા જાય છે,અને ગુજરાતીમાં વાત કરવી તો ઘણા લોકો માટે જાણે શરમ જનક હોય તેમ જોવા મળે માતૃભાષામાં જ આવતો હોય છે.હુડ હુડ હુડપપત્યારે ખ્યાલ આવે છે કે, ગુજરાતી જે આપણી માતૃભાષા છે તે આપણા રગેરગમાં સમાયેલી છે,ત્યારે શા માટે ખોટો દંભ,દેખાવ કરવા માટે ગુજરાતી માતા સમાન ભાષાને નાની બનાવવી જોઈએ,માતૃભાષાને પણ એટલી જ ગર્વથી બોલવી જોઈએ જેટલી આજે દેશમાં અંગ્રજી ભાષા ગર્વથી બોલાય છે.

### માતૃભાષા નો અર્થ શુ?

બાળકને માતા તરફથી મળેલી ભાષા, પરિવારમાં બોલાતી ભાષા એટલે માતૃભાષા. જે ભાષામાં બાળક હસ્યું, રડ્યું, જે ભાષાનો શબ્દ બાળકે સૌપ્રથમ સાંભળ્યો, કાલુ-કાલુ બોલવાનો પ્રયત્ન જે ભાષામાં બાળકે કર્યો, બાદમાં તે ભાષાનું શબ્દભંડોળ સમૃદ્ધ થવાથી તેના પર પ્રભુત્વ આવ્યું, જે ભાષામાં વિચારવાનું, લાગણીઓ અનુભવવાનું, તેમજ લાગણીઓ અને વિચારો પ્રદર્શિત કરવાનું બાળક શીખ્યું તે ભાષા એટલે માતૃભાષા. તમને જાણીને આનંદ થશે કે ગુજરાતી જ એક એવી ભાષા છે જે 'બીજાના' માટે બોલાય છે, અંગ્રેજી ભાષાને સવારથી ભાષા ગણવામાં આવે છે. દુનિયામાં ગુજરાતી જેવી બીજી કોઈ અમય ભાષા નથી જે નિઃસ્વાર્થ હોય. ગુજરાતીઓ કોઈને સીધા નામથી બોલાવવાના બદલે ભાઈ કે બહેન શબ્દ લગાવીને બોલે છે.

### ગુજરાતી હોવા છત્તાં ગુજરાતી બોલવાનો સંકોચ શાને ?

એક વાત આપણે આજે સહજ અને સરળ રીતે સ્વીકારવી જોઈએ કે,ભરી સભામાં આજે જ્યા મોટા-મોટા અધિકારીઓ કે લોકો બેઠા હોઈ છે ત્યારે આપણે અંગ્રેજી ન આવડતું હોવા છત્તાં અગ્રેજી બોલવાનો પ્રયત્ન કરી લેતા હોઈ છે કારણ કે આપણે શરમ અનુભવીએ છે ગુજરાતી બોલવામાં,પરંતુ તમે મનમાં ગાઠ વાળી લો હવે, જો તમે ગુજરાતમાં જ રહો છો અને તમે કોઈ સભા કે મિટિંગમાં જાવો છો તો ત્યા દરેક લોકોને ગુજરાતી તો આવડતી જ હોય છે તો ગર્વ સાથે ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવો જ જોઈએ.અને તમારી અંદર છુપાયેલા ડરને બહાર લાવવો જોઈએ.અને એવી જગ્યાઓ કે જ્યા અન્ય ભાષા કે અંગ્રેજીની અનિવાર્યતા છે તો તે ભાષા આપણે શીખવી જ જોઈએ એમા કંઈજ ખોટૂ નથી,પરંતુ કહેવાનો તાત્પર્ય એ જ છે કે,ગુજરાતી હોવાની સાથે ગુજરાતી બોલતા ગર્વ અનુભવો શરમ નહી.

### મેડિકલ સેવા , ઇન્ટરવ્યૂ , ઓફિસોમાં ગુજરાતી ભાષા ને સૌ પ્રથમ સ્થાન આપો:

મેડિકલ સેવા માં ગુજરાતી ને આગવું સ્થાન આપવું જોઈએ કારણ કે જે લોકો ને અંગ્રેજી ભાષા નું જ્ઞાન નથી તેવા લોકો માટે દવાઓ લેવી ઘણી મુશ્કેલ રૂપ બની રહ્યું છે. જે તે ઓફિસો માં કંપનીઓ માં ઈન્ટરવ્યુ દરમિયાન ક્યાંય પણ ગુજરાતી ભાષા માં ઈન્ટરવ્યુ લેવાતા જ નથી જેથી ઈન્ટરવ્યુ આપનાર વ્યક્તિ ને જવાબ આવડતો હોવા છતાં આ અંગ્રેજી બોલવાના નિયમોના કારણે ઈન્ટરવ્યુ માં ફેલ થાય છે.જેમાં લોકોના મનોબળ ટુટી જતા હોય છે. તાજેતર માં અંગ્રેજી માધ્યમ ની સ્કૂલો કોલેજો માં ઉછાળો જોવા મળી રહ્યો છે બાળકો ને અંગેજી ભણતર ભણવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. અંગ્રેજી નો મોહ મૂકીને આપણી માતૃભાષા નો ઉપયોગ વધારવો આવશ્યક અને હિતાવહ છે.

### આપણી માતૃભાષા ગુજરાતીનું મહત્ત્વ શા માટે?

બાળકો અંગ્રેજી ભાષામાં શિક્ષણ લેતાં થયા તેથી ગુજરાતી લખતા-વાંચતા ભૂલી ગયા. 'ભાષા જાય તો સંસ્કૃતિ જાય' એ ન્યાયે માતૃભાષાની સાથે-સાથે ભારતીય સંસ્કૃતિનું અસ્તિત્વ જોખમમાં મુકાયું. બાળકોને અંગ્રેજી માધ્યમની શાળામાં કોણ મૂકે છે? તેમના વાલીઓ...! શા માટે? 'અંગ્રેજી લખતા, બોલતા, વાંચતા આવડતું હશે તો બાળકોનું ભવિષ્ય ઊજળું છે' એવી સમજણ હોવાથી. શાળા અને ટ્યુશન ક્લાસીસ સિવાયના સમયમાં પોતાના પરિવારના સભ્યો, મિત્રો, સગાં-વ્હાલાઓ સાથે માતૃભાષામાં વ્યવહાર કરતો બાળક ગુજરાતી ભૂલી જાય એવું બને છે કારણ કે શાળા સિવાય બાળકને ગુજરાતીમાં બોલવા તેમજ સાંભળવા તો મળે છે પરંતુ લખવા કે વાંચવાની તાલીમ મળતી નથી.

હાલમાં એક ચીલો ચાલી રહ્યો છે, અંગ્રેજી બોલતા આવડે એટલે હોશિયાર, સ્માર્ટ. પણ એ મૂર્ખ લોકોનું અજ્ઞાન છે, કારણકે અંગ્રેજી એ એક મામુલી ભાષા છે, કોઈ જ્ઞાન નથી.

લગભગ તમામ દેશોમાં ગુજરાતી પરિવારો વસે છે. આપણા માટે ગર્વની વાત એ છે કે, માત્ર પૃથ્વી પર જ નહીં પરંતુ, અંતરિક્ષમાં પણ ગુજરાતી મૂળનાં લોકો પહોંચી ગયા છે. આપણાં ગુજરાતી કવિ એ પોતાની સુંદર કાવ્ય રચનામાં ઉલ્લેખ કર્યો છે કે, જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત..જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત..!!

હા મિત્રો તો ચાલો આજના આ શુભ દિને આપણે માતૃભાષાની વંદના કરીએ છીએ, પરંતુ તેને હવે થોડું વહાલ પણ કરવાની જરૂર છે. ભાષા સાથેનો આપણો સંબંધ પરસ્પર છે. આપણે ભાષાને જીવાડશું, માનાં હેતથી માતૃભાષા આપણને જીવાડશે. ."વિશ્વ માતૃભાષા દિવસ"ની શુભેચ્છાઓ.


## જન્મદિને વધામણી


દર્પિતા પટેલ
રાધે-રાધે ગૃપ


મહેકબાનુ
સાહિદખાન પઠાણ
મો. ૯૮૨૪૦ ૫૭૨૮૭


સોની હની એ
મો. ૯૫૭૪૦ ૯૫૯૫૧


સોની હિમાની એ
મો. ૯૫૭૪૦ ૯૫૯૫૧


પ્રકાશસિંહ બિહોલા

# ગાંધીનગરમાં સિંગાપુરનો અનુભવ કરાવતી ગિફ્ટ સિટી મેરેથોનમાં રનર્સ મન મૂકીને દોડયા



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં એક નવી સિટી એટલે કે ગિફ્ટ સિટી પુરજોશમાં આકાર પામી રહી છે. ગાંધીનગરમાં સિંગાપુરનો અનુભવ કરાવતી આ ગિફ્ટ સિટીમાં રવિવારે મેરેથોનનું આયોજન સાયરન્સના કોચ રાહુલ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. આ મેરેથોનમાં ૬૦૦થી વધુ રનર્સ ગિફ્ટ સિટીના સુંદર માર્ગ પર દોડ્યા હતા. ગિફ્ટ સિટી મેરેથોનમાં ગાંધીનગર રનર્સ ગ્રૂપના રાજશ્રી પરમાર, સંજય થોરાત, રજનીકાંત પરમાર, યશ વસાવડા, પ્રદીપ ગેહલોત, ડૉ. મનીષા ઝડફિયા, જગદીશ દુધાત, યશેશ વ્યાસ, વિભૂતિ વ્યાસ, શિબુ પિલ્લાઈ, મહેશ મીના, સની સિંગ, મયંકા શર્મા ભટ્ટી જેવા રનર્સે ભાગ લઈ ફિનીશરનો મૅડલ મેળવ્યો હતો. ગિફ્ટ સિટી મેરેથોનમાં દસ કિલોમીટર રનમાં મયંકા શર્મા ભટ્ટી અને રાજેશ્રી પરમાર એમની એજ કેટેગરીમાં વિજેતા થઈ પ્રથમ નંબર મેળવ્યો હતો જ્યારે રજનીકાંત પરમારે તૃતીય સ્થાન મેળવ્યું હતું. ગાંધીનગર રનર્સ ગ્રૂપના સભ્યોએ સૌ વિજેતાઓને શુભકામનાઓ પાઠવી હતી. ગાંધીનગરમાં આવેલી ગિફ્ટ સિટી મેરેથોન સૌને પસંદ આવી હતી. આવતા રવિવારે ગિફ્ટ સિટી ખાતે અન્ય મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે જ્યાં ગાંધીનગર રનર્સ ગ્રૂપના સભ્યો ભાગ લેશે.

# જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે વ્યવસાયલક્ષી પ્રદર્શન યોજાયું



ગાંધીનગર, તા. ૨૦

જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી ગાંધીનગર દ્વારા આયોજિત ગાંધીનગર જિલ્લાની વોકેશનલ શાળાઓ માટે જિલ્લા કક્ષાનો કૌશલ્ય ઉત્સવ ૨૦૨૩નો શ્રી જે. એ મ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે શાળામાં જિલ્લા કક્ષાનો કૌશલ્યોત્સવ યોજાયો તેમાં જુદી જુદી શાળાના વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો જેમાં આપણી શાળાનો શીવણ મશીન ઓપરેટર ટ્રેડમાં ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ છે શાળાના આચાર્ય બેન શ્રી તથા સમગ્ર શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

# ગાંધીનગર લાયન્સ કલબ દ્વારા સર્વરોગ નિદાન યજ્ઞ યોજાયો



ગાંધીનગર, તા.૨૦

શ્રી દંઢાવ્ય છાછઠ પ્રજાપતિ સમાજની વાડી, આંબલિયાસણ મુકામે લાયન્સ કલબ ઓફ ગાંધીનગર અને શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ આઈ હોસ્પિટલ ઓગણજ તથા શ્રી દંઢાવ્ય છાછઠ પ્રજાપતિ સમાજ દ્વારા વિના મૂલ્યે સર્વ રોગ નિદાન તથા નેત્ર નિદાન અને ડાયાબીટીસ ચેકઅપ કેમ્પનું આયોજન લાયન્સ શ્રીમતી કોકીલાબેન કાલીદાસ પ્રજાતિના સૌજન્યથી આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં સોલા સિવિલ હોસ્પિટલના ચામડી, દાંત, જનરલ ફીઝીશીયન અને ડાયાબિટીસ રોગના નિષ્ણાંત ડૉકટરઓએ વિના મૂલ્યે દવાઓ સાથે સેવાઓ આપી હતી. મફત મોતિયાના કેમ્પમાં કુલ ૨૩૧ દર્દીઓની તપાસ, ૧૨૦ દર્દીઓને ડાયાબિટીસ ચેકઅપ તથા ૧૩ દર્દીઓનને મફત નેત્રમણિ સાથે મોતિયાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ સેવા મહાયજ્ઞમાં લાયન્સ પ્રમુખ મૌલિક ચૌધરી, લીયો પ્રમુખ કરણ માનિક અને તેમની ટીમ તથા શ્રી દંઢાવ્ય છાછઠ પ્રજાપતિ સમાજના પ્રમુખ કે.પી. પ્રજાપતિ, સમાજના પૂર્વ પ્રમુખઓ તથા સર્વે હોદેદારોની ભારે જહેમત સાથે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુવા નેતૃત્વ તાલીમ શિબિર યોજાઈ





ગાંધીનગર, તા. ૨૦

નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા માણસા બ્લૉકના ગુલાબપૂરા ગામ માં તા૧૫ થી ૧૭ સુધી TYLCD કાર્યક્રમ યોજાયો જેમાં ગાંધીનગર જિલ્લા ના ૪૦ યુવાનો એ ભાગ લીધો હતો અને આ કાર્યક્રમ માં ૩ દિવસ યુવાનોને અલગ અલગ વકતાઓ દ્વારા અલગ અલગ વિષયો પર તાલીમ આપવામાં આવી અને ગામ માં અવેરનેસના કાર્યક્રમ કરી ગામ માં જાગૃતિ લાવવામાં આવી.અને યુવાનોને સ્ટેશનરી કીટ અને ટોપી અને કપડાંની થેલી સર્ટીફીકેટ આપવામાં આવ્યુંઆ પ્રસંગે મુખ્ય મહેમાનમાં જિલ્લા યુવા અધિકારી પંકજ મારેચા, મયંકભાઈ રત્નોત્તર, જિલ્લા પત્રકાર એકતા પરિષદ પ્રમુખ કશ્યપ નિમાવત તેમજ માણસા કૉલેજ પ્રિન્સિપાલ, માણસા તાલુકા પ્રમુખ તેમજ ગુલાબ પુરા સરપંચ શ્રીમતી ચંપાબેન પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં. આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન હાર્દિક મોચી દ્વારા કરવામાં આવ્યું હતું.

# નેશનલ ટેકવોન્ડો ચેમ્પિયનશિપમાં હોલીચાઈલ્ડ સ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાના સેક્રેટરી મિલાપ ટાટારિઆ ટાઇગર દ્વારા જણાવવા આવ્યું હતું કે, તાજેતરમાં ૧૮મી ફેબ્રુઆરીએ અમદાવાદ ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા ઓપન નેશનલ ટેક્વોન્ડો ચેમ્પિયનશિપમાં કલોલની હોલીચાઈલ્ડ સ્કૂલના વિદ્યાર્થીઓએ સ્પેરિંગ અને પૂમસે ઈવેન્ટમાં ભાગ લઈ, અલગ-અલગ વયજૂથોમાં રમીને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને શાળાનું નામ રોશન કર્યું હતું. ટીમનું નેતૃત્વ ઋષદ બ્રામણિયા અને સંદિપ રાવલે સંભાળેલ હતું. સંસ્થાના ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે દ્વારા તાલીમ આપવામાં આવી હતી. શાળાના ટ્રસ્ટી શ્રી હરીશભાઈ પટેલ, આચાર્ય શ્રીમતી હેતલબેન અને રાજ સર, સંસ્થાના ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી તથા સેક્રેટરી મિલાપ ટાટારિઆ ટાઇગરે વિજેતા ખેલાડીઓને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

# વિવેકાનંદ સંસ્કાર તપોવનનો વાર્ષિકોત્સવ ધામધૂમથી ઉજવાયો







ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં શિક્ષણ ક્ષેત્રે બાળકોના સર્વાંગીણ વિકાસને લક્ષમાં રાખી આગવી શૈલીથી કાર્ય કરતી સંસ્થા એટલે વિવેકાનંદ સંસ્કાર તપોવન સંસ્થાનો વાર્ષિક ઉત્સવ ખૂબ ઉત્સાહ અને ધામધૂમ પૂર્વક ઉજવાયો.જેમાં ખૂબ મોટી સંખ્યામાં વાલી મિત્રોએ હાજરી આપી સંસ્થાના કામને બિરદાવ્યું હતું. કાર્યક્રમનો શુભ પ્રારંભ માતા સરસ્વતી અને વિવેકાનંદજીના ચરણોમાં ટ્રસ્ટી મંડળના સભ્યો દ્વારા દીપપ્રગટી કરણથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત સર્વે વાલીગણ, શિક્ષક ગણ અને વિદ્યાર્થી મિત્રોએ સાથે મળી વંદે માતરમ ગીતનું ગાન કર્યું હતું. વિવેકાનંદ કન્યા છાત્રાલયની બાળાઓ દ્વારા મહેમાનોના સ્વાગત માટે ખૂબ સુંદર સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ પટેલ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના બાળકો દ્વારા યોગાસન અને અદ્ભૂત પિરામિડો રજૂ કરી શ્રોતાગણના દિલ જીતી લીધા હતા. વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત, ફ્યુજન ડાન્સ, કોમેડી ડાન્સ અને માઈમ નાટક રજૂ કરી વાલીમિત્રોને અદ્ભુત મનોરંજન પૂરું પાડ્યું હતું. કન્યા છાત્રાલયની દીકરીઓ દ્વારા વ્યક્તિગત ગીત, ઘુમર નૃત્ય, એકપાત્ર અભિનય અને અમૃતવચન રજૂ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સુનિલભાઈ પટેલ, નૈલેષભાઈ પટેલ,હિરલબેન પટેલ અને સંગીતાબેન દ્વારા ખૂબ જ મહેનત કરી હતી અને સમગ્ર વિદ્યાર્થીગણને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં સુનિલભાઈ પટેલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.વાઘેલા, મુજીબેન પ્રતાપસિંહ, ઉ.વ.૭૯, પીંપળજ.
- સ્વ. ડોડિયા ભરતભાઈ ભગવાનભાઈ, ઉ.વ.૬૮, વાવોલ.
- દંતાણી, બકાભાઈ ગાંડાભાઈ, ઉ.વ.૪૩, માણસા.